દિવ્યજ્યોતિ ટ્રસ્ટ

# દિવ્યજ્યોતિ ટ્રસ્ટ
# - માંડવી

## પ્રથમ વાર્ષિક અહેવાલ
## ૨૦૧૦-૨૦૧૧

ગરીબ, અભણ, અજ્ઞાની, પિડીત
આ બધાને તમારા ભગવાન થવા દો.
- સ્વામી વિવેકાનંદ

# ટ્રસ્ટી મંડળના સભ્યો


| | | | |
|---|---|---|---|
| ૧ | ભરતભાઈ વી. શાહ | પ્રમુખ | સી.એ. |
| ૨ | ઉદયભાઈ આર. ગજીવાળા | ઉપપ્રમુખ | એમ.એસ. (ઓપ્થેલ્મોલોજી) |
| ૩ | નલીનભાઈ ડી. શાહ | મંત્રી | બી.કોમ. |
| ૪ | વિજયભાઈ એમ. કણીયા | સંયુક્ત મંત્રી | બી.ઈ. (સીવીલ) |
| ૫ | માધવીબેન યુ. ગજીવાળા | ખજાનચી | બી.ઈ. (ઈલે.) |
| ૬ | ભીખુભાઈ ડી. વ્યાસ | | બી.એ.બી.એડ. |
| ૭ | બાલુભાઈ એમ. પટેલ | | ડી.ટેક્ષ. |
| ૮ | બકુલભાઈ એન. ત્રિવેદી | | એમ.એસ. (ઓપ્થે.) |
| ૯ | અમીષભાઈ આઈ. પટેલ | | એમ.એસ. (ઓપ્થે.) |
| ૧૦ | શ્યામસુંદરજી બિયાણી | | - |
| ૧૧ | સુભાષભાઈ આર. શાહ | | બી.એ. એલ.એલ.બી. |
| ૧૨ | જયંતિભાઈ શાહ | | સી.એ. |
| ૧૩ | લાલજીભાઈ પટેલ | | - |



સરનામું :- દિવ્ય જ્યોતિ ટ્રસ્ટ, સુથાર ફળિયું,
હનુમાન મંદિરની સામે, માંડવી, જિ. સુરત. (ગુજરાત) ૩૯૪૧૬૦.

E-mail :- divyajyoti.icare@gmail.com
divyajyoti@divyajyotitrust.org

Website :- www.divyajyotitrust.org


ટ્રસ્ટને આપવામાં આવતું દાન ઈન્કમટેક્સની કલમ ૮૦(જી) હેઠળ કરમુક્ત છે.

દિવ્યજ્યોતિ ટ્રસ્ટનો પ્રથમ વાર્ષિક અહેવાલ આપની સમક્ષ રજૂ કરતા અત્યંત આનંદ થાય છે.

દિવ્યજ્યોતિ ટ્રસ્ટની સ્થાપના જાન્યુઆરી ૨૦૧૦માં કરી હતી. સ્વામી વિવેકાનંદના પ્રખ્યાત સૂત્ર "ગરીબ, અભણ, પીડિતને તમારા ઈશ્વર બનવા દો" ને ધ્યાનમાં રાખીને સુરત જીલ્લાના આદિવાસી અસુવિધાગ્રસ્ત વિસ્તારમાં સેવા કરવા માંડવી નગરમાં આંખની હોસ્પિટલથી કામ શરૂ કરવાનું નક્કી કર્યું. જેનું નામ "તેજસ આંખની હોસ્પિટલ" નક્કી કર્યું.

માંડવીમાં યોગ્ય સ્થળની પસંદગી કરવા, લગભગ ૬ માસ અવિરત લોકોને મળતા - પ્રયત્નો કરતા પ્રભુકૃપાએ લસ્ટર ડાયમંડ કું. નું મકાન મળી શક્યું. આ મકાન ૪-૫ વર્ષથી બંધ પડ્યું હતું. જેમાં સપ્ટેમ્બર-૨૦૧૦ થી મરામત કામ શરૂ થઈ ચૂક્યું છે અને હવે પૂર્ણતાને આરે છે.

આ કાર્યમાં સમાજના વિવિધ સ્તરેથી સાધન, સામગ્રી કે અન્ય રીતે દાનનો પ્રવાહ સાંપડ્યો છે. અંદાજીત કુલ ખર્ચ રૂા.૩.૫ કરોડ થવાની ધારણા છે. આ કાર્ય માટે મોટામાં મોટો સહયોગ અમેરિકા સ્થિત શેર એન્ડ કેર ફાઉન્ડેશન સંસ્થાએ ૩ લાખ ડોલરનું દાન જાહેર કરી આપ્યો. સરકારશ્રીની મંજુરી મળતાં તે રકમ પ્રાપ્ત થઈ શકશે. તે જ રીતે આચાર્ય મહાપ્રજ્ઞની સ્મૃતિમાં જૈન શ્વેતાંબર તેરાપંથ સભા સુરત-ઉધના તરફથી રૂા.૫૧ લાખ જાહેર થયા છે.

આંખના ડૉ. રોહન ચરીવાળાની નિમણૂંક કરી તેઓ લંડનમાં ૧ વર્ષની તાલીમ લઈ રહ્યા છે અને ત્યારબાદ સંસ્થામાં કામગીરી કરશે; ડૉ. હેતલબહેન સંસ્થામાં જોડાઈને "કોર્નીયા"ની તાલીમ લેવા જવાના છે. આંખની કામગીરીને અનુરૂપ મકાન મળી જવું, તથા વિવિધ દિશાએથી દાનનો સતત વહેતો પ્રવાહ આવવો, યુવાન સહૃદયી ડોક્ટરો જોડાવા અને આવી બાબતો એ વાતની પ્રતીતિ કરાવી રહ્યા છે કે જો આપણે સારૂં કામ કરવું હોય તો ઈશ્વર હંમેશા સહાય કરે જ છે.

માંડવી નગરમાં દર મહિને એક આંખના નિદાન કેમ્પનું નિયમિત રીતે આયોજન થઈ રહ્યું છે. આ કેમ્પ દ્વારા નજીકના ભવિષ્યમાં આંખની હોસ્પિટલ શરૂ થઈ રહી છે તેનો સફળ રીતે પ્રચાર પણ થાય છે.

આ હોસ્પિટલમાં આંખની તમામ પ્રકારની સારવાર કરવાનો ઈરાદો છે અને આદિવાસી અને ગરીબી રેખાથી નીચેના દર્દીઓને વિનામૂલ્યે અને અન્યોને રાહતદરે સારવાર આપવામાં આવશે.

આ હોસ્પિટલનું વિધિવત્ ઉદ્‌ઘાટન ૨૨ મે ૨૦૧૧ ના રોજ નિરધાર્યું છે આ પ્રસંગે આપ સૌ શુભેચ્છકો, દાતાઓ તથા સુજ્ઞજનોને આ કાર્યને સુપેરે પાર પાડવા અમને પ્રોત્સાહિત કરવા સાદર આમંત્રણ છે.

**ભરતભાઈ શાહ**
પ્રમુખ

**ડો. ઉદય ગજીવાલા**
ઉપપ્રમુખ

**તા.૧૫-૪-૨૦૧૧**

## પ્રથમ વર્ષની કામગીરીની ઝલક :-

એક વર્ષ ખૂબ ઝડપથી પસાર થઈ ગયું. અમને લાગતું હતું કે તૈયારી કરવા માટે ૧ વર્ષ છે, પણ હજુ પુરેપુરા તૈયાર નહોતા અને વર્ષ તો જાણે પુરૂં થઈ ગયું. જો કે આ વર્ષ દરમિયાન નવિનીકરણનું કામ શરૂ થઈ શક્યું અને દાન મેળવવાની કાર્યવાહી પણ ચાલતી રહી. સમાજના દરેક સ્તરેથી રોકડ કે વસ્તુ કે શ્રમ કે માર્ગદર્શન એમ જુદી જુદી રીતે સુંદર સહાય મળી જેનાથી અમારો ઉત્સાહ ખૂબ વધ્યો. આ દરેક શુભેચ્છકો - સહાયકોનો અંતઃકરણ પૂર્વક આભાર.

ચેરીટી કમિશ્નરશ્રીની કચેરીમાં ટ્રસ્ટ રજીસ્ટ્રેશનની નોંધણીની પ્રક્રિયાએ લગભગ ૬ મહિનાનો સમય લીધો તેની સરખામણીએ ૧૨(અ) અને ૮૦(જી)ની મંજુરી ઝડપથી મળી. કમિશ્નરશ્રીએ તો આદિવાસી વિસ્તારના ગરીબો માટે થનાર પ્રવૃત્તિને બિરદાવતા જણાવ્યું; કે આ કાર્યમાં તો અમારે આ ગતિવિધિ ઝડપથી પતાવી મદદ કરવી જોઈએ. અલબત્ત વિદેશી હૂંડિયામણમાં દાન મેળવવા **(FCRA)** ની પ્રપોઝલ હજુ ગૃહમંત્રાલયમાં પડતર છે અને તેની મંજુરી માટે અમે રાહ જોઈ રહ્યા છીએ. જેથી શેર એન્ડ કેર ફાઉન્ડેશન, અમેરિકાથી દાન મેળવી શકાય.

સ્થાપક ટ્રસ્ટીશ્રી ભરતભાઈ શાહ અને અન્ય ટ્રસ્ટીશ્રી વિજયભાઈ આ બંને બાંધકામના વ્યવસાય સાથે લાંબા સમયથી સંકળાયેલા હોવાથી મકાનના મરામત અને નવું ઉમેરણ કાર્ય એ ખાસ અઘરી વાત નથી. શ્રી વિજયભાઈ કણીયાએ ખાસ પ્રયત્નો દ્વારા સમયસર માલસામાન ઉપલબ્ધ કરાવ્યો અને શ્રી કમલભાઈ પારેખ, સ્ટ્રક્ચરલ એન્જીનીયર મિત્રએ વખતોવખત જરૂરી સલાહસૂચનો કર્યા, જેથી મકાનની લાંબા સમયની મજબૂતી માટે કાંઈપણ ગૂંચવણ ભરી બાબત ઉપસ્થિત થઈ જ ન શકે.

આ સૌમાં સૌથી રોમાંચક બાબત એ છે કે કેટલાક સહકાર્યકર એવા આંખના તબીબ મિત્રોએ નિયમિત રીતે પોતાની સેવાઓ આપવાની તૈયારી દર્શાવી અને ખાતરી આપી કે કોઈપણ પ્રકારના આંખના દર્દીઓએ અન્ય કોઈપણ જગ્યાએ સારવાર માટે જવાની જરૂર જ નહીં રહેશે.

આ જુદા જુદા આંખના રોગો માટે જરૂરી વિવિધ પ્રકારના અદ્યતન અને કિંમતી સાધનોની જરૂર ઊભી થશે જેને માટે વધારાના ફંડની જોગવાઈ કરવી પડશે. તેમ છતાં આ વિસ્તારમાં અન્ય કોઈ જ સગવડ ન હોવાથી અમે આ દિશામાં પૂરેપુરો અને યોગ્ય પ્રયત્ન કરીને જરૂરી સાધનો ખરીદવા કટિબધ્ધ છીએ, અને મોટેભાગે હોસ્પિટલના ઉદ્ઘાટન સમયે બધા સાધનો ખરીદવા સક્ષમ હોઈશું. દરેક તજજ્ઞ મિત્રને તેમના સમય અને દિવસ નક્કી કરવા જણાવ્યું છે જેથી સ્થાનિક લોકોમાં તેની જાહેરાત કરી શકાય.

ડૉ. રોહન ચરીવાલા અને ડૉ. હેતલબેન સોલંકીના જોડાવાથી કાર્યને ખૂબ સારો વેગ મળશે. તેમની મદદથી એક ઉમદા માનવતાનું કાર્ય થઈ શકશે. કાર્યની શરૂઆતમાં જ આવા યુવાન, ઉત્સાહી અને કુશળ વ્યક્તિ મળવાથી પ્રભુકૃપાની પ્રતીતિ થઈ. દર મહિને થતા આંખના નિદાન કેમ્પને પણ સ્થાનિક સમાજમાંથી સારો આવકાર મળે છે. આ કેમ્પ યોજવા માટે સેવા રૂરલ તરફથી મળતી મદદ બદલ ખૂબ આભાર. આ કેમ્પનો પ્રચાર શ્રી નલીનભાઈ અને શ્રી નીમેષભાઈના માર્ગદર્શન હેઠળ શ્રી અરવિંદભાઈ અને શ્રી વિપુલભાઈ કરે છે. આ કેમ્પ દ્વારા લોકોની જરૂરિયાતનો સ્પષ્ટ નિર્દેશ મળે છે.

હવે કાર્યની શરૂઆત કરવા જઈ રહ્યા છીએ. જેમાં સૌ શુભેચ્છકો, મિત્રોનો સંપૂર્ણ સાથ અને સહકારની અપેક્ષા છે. આ બાબતે કંઈ પણ ધાર્યા મુજબ કાર્ય થતા ન જણાય તો અમને જણાવવા વિનંતી, જેથી ઉત્તરોત્તર વધુ સારૂં કાર્ય થઈ શકે.

# પ્રસ્તાવના

છેલ્લા બે દાયકાથી ગરીબ લોકોની સેવામાં સંકળાયેલા, સેવાભાવી વ્યક્તિઓ દ્વારા દિવ્યજ્યોતિ ટ્રસ્ટની હાલમાં જ સ્થાપના કરવામાં આવી છે. રાષ્ટ્રની સેવા કરવાનાં ગાંધીજીએ સૂચવેલ ખ્યાલો ગ્રહણ કરીને માનવતાની સેવામાં પોતાની જીંદગી સમર્પી દેવાનું તેમણે નક્કી કર્યું છે. આવા સરખા વિચારવાળા વધુ લોકો જોડાતાં, પ્રાપ્ત સાધનો તથા માનવશક્તિની મદદથી ટ્રસ્ટ આજુબાજુના વિસ્તારના ગરીબ આદિવાસી લોકોના ઉત્કર્ષ માટેની બધી પ્રવૃત્તિઓમાં સામેલ થશે.

હાલ, મુખ્ય કુશળતા આંખની સંભાળના ક્ષેત્રે હોવાથી શરૂઆતમાં, ટ્રસ્ટ આંખની હોસ્પિટલ શરૂ કરીને કામ કરશે.

**સ્થળ :-**

આંખની હોસ્પિટલ ગ્રામ્ય અને આદિવાસી વિસ્તારવાળા, સુરત જીલ્લાના માંડવી તાલુકામાં શરૂ કરવામાં આવશે. ગુજરાતનો આદિવાસી પટ્ટો; જે ધરમપુરથી શરૂ થઈને - વલસાડ, ભરૂચ, તાપી, સુરત, વડોદરા અને દાહોદ થઈને પંચમહાલ સુધી વિસ્તરેલો છે. તેમાં માંડવી સુરત જીલ્લાના આદિવાસી વિસ્તારની મધ્યમાં આવેલું છે. ભરૂચ જિલ્લામાં સેવા રૂરલ કાર્ય કરે છે. વલસાડ જિલ્લામાં શ્રી રણછોડદાસજી બાપુ આંખની હોસ્પિટલ કાર્યરત છે. તેથી સુરત જિલ્લાને લાગુ આદિવાસી ક્ષેત્રમાં કામ કરવાનું નક્કી કરી માંડવી નગર પસંદ કર્યું.

માંડવી પચ્ચીસ હજારની વસ્તીવાળું નાનું નગર છે. તે તાલુકાનું મથક છે. સુરત જીલ્લાના અંદરના આદિવાસી વિસ્તારના ગામડાંઓ સાથે જોડાયેલું છે. નર્મદા જીલ્લાના દેડિયાપાડા અને સાગબારા તાલુકાઓના ગામડાઓ નવસારી જીલ્લાના તથા તાપી જીલ્લાના ગામોમાં પણ સહેલાઈથી જઈ શકાય તેવું છે.

સુરત શહેરથી પૂર્વમાં ૬૫ કિ.મી. દૂર માંડવી આવેલું છે અને માર્ગવ્યવહારથી જોડાયેલું છે. પણ માંડવી આવવા રેલ્વે લાઈન નથી. નજીકમાં નજીકનું મોટું રેલ્વે સ્ટેશન ફક્ત સુરત જ છે. ટાપ્ટીવેલી લાઈન પર વ્યારા, માંડવીથી ૪૦ કિ.મી. અને બારડોલી ૩૦ કિ.મી. દૂર છે. અહીંથી શરૂ થતો જંગલનો વિસ્તાર પૂર્વ તરફ વિસ્તરેલો છે અને તે ઓછી વસ્તીવાળો અને ઓછી ખેતીવાળો વિસ્તાર છે.

**લાભાર્થીઓ :-**

આ વિસ્તારની આજુબાજુની ગરીબ વસ્તી ટ્રસ્ટનું લક્ષ્ય છે. આથી સ્વાભાવિક રીતે આ આદિવાસી પટ્ટાના અંદરના ભાગના ગામડાઓમાં રહેનારા આદિવાસી ગરીબો આના લાભાર્થીઓ હશે. આ લોકોની આવકના સાધન મર્યાદિત છે; અને તેઓ ટાંચા સાધનો પર આધારિત છે. તેઓ મોટાભાગે દૈનિક આવક પર ગુજારો કરે છે. તેઓની પૈસા ખર્ચવાની શક્તિ બહુ ઓછી છે.

આ વિસ્તારનો સમાજ આજે પણ જુનવાણી વિચારો ધરાવે છે. ખોટી માન્યતા અને અંધશ્રધ્ધા સામાન્ય છે. પોતાના આરોગ્ય વિશેની મુશ્કેલીઓમાં તેઓ ભગત-ભૂવા પાસે જાય છે. ભણતરનું પ્રમાણ ઓછું છે, જો કે હવે બહુ ધીમા દરે તેમાં સુધારો થતો જાય છે.

આરોગ્ય વિશેની સગવડો બહુ જૂજ અને ઘણી દૂર આવેલી છે. માંડવી શહેરમાં એક સરકારી એમ.બી.બી.એસ. ડોક્ટર છે. અને બાકીના ખાનગી પ્રેકટીશનરો છે. ખાસ કરીને આંખની સંભાળ માટે કોઈ સગવડ નથી.

## કાનૂની ગતિવિધિ :-

સામાન્યતઃ ટ્રસ્ટ દ્વારા જ્યારે કોઈ કાર્ય કરવાનું હોય ત્યારે સૌ પ્રથમ ટ્રસ્ટની નોંધણી જે તે વિસ્તારની ચેરીટ્ કમિશ્નરશ્રીની કચેરીમાં કરાવવાની હોય છે. ''ટ્રસ્ટ ડીડ (કરાર)'' તૈયાર કરીને આસીસ્ટન્ટ ચેરીટી કમિશ્નર સુર કચેરીમાં સપ્ટે'૦૯ માં રજૂ કર્યું અને જાન્યુ'૧૦ માં ટ્રસ્ટની નોંધણી થઈ શકી.

ટ્રસ્ટ નોંધણી થયા બાદ ઈન્કમટેક્ષ રજીસ્ટ્રેશન અંતર્ગત પરમેનન્ટ એકાઉન્ટ નંબર ટ્રસ્ટને મળતાં, દાન કરમુક્તિનો લાભ માટે ૧૨(અ) તથા ૮૦(જી) રજીસ્ટ્રેસન નંબર મેળવવાની અરજી સાથે સાથે જ કરી હતી. સૌ પ્રથ પરમેનન્ટ એકાઉન્ટ નંબર મળ્યો અને ત્યારબાદ માર્ચ ૨૦૧૦ ના અંત સુધીમાં ૧૨(અ) તથા ૮૦(જી) કલમ હેઠળ કરમુક્તિ માટેની માન્યતા મળી.

## યોગ્ય સ્થળની તલાશ :-

શરૂઆતમાં યોગ્ય સ્થળની પસંદગી કરવા અંગે ઘણી ચર્ચા-વિચારણા કરી. ટ્રસ્ટના હેતુ માટે આદિવાસી વિસ્તારના મહત્તમ લોકોને લાભ આપી શકાય તે માટે ઝંખવાવ કે માંડવી બેમાંથી ક્યાં કામ શરૂ કરવું તે માટે દ્વિધા થઈ છ એક માસ ચર્ચા-વિચારણા કરતા અંતે ગ્રામ્ય વિસ્તાર સાથે માંડવીથી વાહનવ્યવહારની સરળતા તથા કોલેજ શિક્ષણ મેળવી શકવાની સુગમતા જોતાં પલ્લુ માંડવી તરફ નમ્યું. માંડવી નગરમાં જરૂરિયાત મુજબની જમીન ઉપલબ્ધ ન થઈ તેથી અમે માંડવીથી ૨ કિ.મી. ની ત્રિજ્યામાં જગ્યા શોધવા પ્રયત્ન કર્યો, પરંતુ એવી જમીન ન મળી, વળી જે જગ્યા મળતી તેના ભાવ આસમાને હતાં.

આખરે માંડવીના સ્થાનિક સેવાભાવી વડીલ શ્રી નલીનભાઈ શાહે જૂની હીરાની ફેક્ટરી - ૧૦,૦૦૦ ચો.ફૂટનું બાંધકામ ધરાવતું મકાન - જે પાંચેક વર્ષથી બિનવપરાશી હતું તે બતાવ્યું. શરૂઆતમાં, આ જગ્યા જે રીતે વિશાળ ફલક પર કામ કરવાનું વિચાર્યું છે, તે જોતાં નાનું લાગ્યું. પરંતુ એક તો જમીનના અત્યંત ઊંચા ભાવ અને ગામની ૨-૩ કિ.મી. દૂરનો વિસ્તાર, એ જોતાં આ મકાનમાં જ કામ શરૂ કરવાનું બહેતર લાગ્યું.

મકાન માલિકો પણ થોડા પરિચિત નીકળ્યા અને તેઓએ આ ઉમદા કામ માટે આપવાનું નક્કી કર્યું જ્યાં આંખની હોસ્પિટલને માટે જરૂરી ફેરફાર કરાવવાની પરવાનગી પણ આપી.

આ મકાન ૧૦,૦૦૦ ચો.ફુટ ક્ષેત્રફળ ધરાવતી જમીન પર છે અને ભોંયતળીયું તથા અંશતઃ પ્રથમ માળ મળીને લગભગ ૧૧,૦૦૦ ચો.ફુટ બાંધકામ ધરાવે છે. જો પહેલા માળનો પુરેપૂરો ઉપયોગ કરીએ તો લગભગ ૧૭,૦૦૦ ચો.ફુટ જગ્યા વપરાશ માટે મળી શકે તેમ છે.

## મકાનના જીર્ણોધ્ધાર (મરામત)નું આયોજન :-

ડાયમંડ ફેક્ટરીનું મકાન પહેલી નજરે જોતાં જ હોસ્પિટલ માટે તદ્દન અનુરૂપ જણાયું. જો કે તેમાં કેટલાક ટેક્નીકલ ફેરફાર કરવા જરૂરી લાગ્યા. આ કામ માટે સુરત સ્થિત સ્ટ્રક્ચરલ એન્જિનિયર મિત્રશ્રી જેઓ સંસ્થાના શુભેચ્છક છે તેઓ મદદે આવ્યા. પોતે પણ સેવાકીય પ્રવૃત્તિમાં રસ ધરાવતા હોવાથી તેમની સેવાઓ વિનામૂલ્યે પ્રાપ્ત થઈ શકી.

સૌ પ્રથમ મકાનની માળખાકીય તાકાત તેના ઉપર માળ લેવા માટે નબળી જણાઈ તે જ બાબત અન્ય સ્ટ્રક્ચરલ એન્જિનિયર શ્રી રોહિતભાઈ શાહ જેઓ શ્રી ભરતભાઈ શાહના મિત્ર છે તેમણે પણ જણાવી. આથી આનો ઉકેલ મેળવવા

લોખંડના માળખા ઉપર ગેલ્વેનાઈઝ શીટ બિછાવી.

મરામત કાર્ય :-

મરામત કામ સમયસર પૂરું થાય તે માટે વહેલી શરૂઆત કરવી જોઈએ એવું વિચારીને ચોમાસું પૂરું થતાં જ સપ્ટેમ્બર ૨૦૧૦ થી કાર્ય આરંભ્યું.

ત્રિમૂર્તિ એસોસીએટસ નામની કન્સ્ટ્રકશન કાં. ના ભાગીદારોએ સીવીલ વર્ક કરવા માટે જરૂરી શ્રમકાર્ય વિનામૂલ્યે પૂરું પાડવા ઓફર કરી અને ખૂબ ઝડપથી કામ શરૂ કર્યું. ટ્રસ્ટીઓ પૈકી શ્રી વિજયભાઈ કણીયાએ મરામત કાર્ય માટે જરૂરી સાધનસામગ્રી કિફાયતભાવે અથવા ડોનેશન સ્વરૂપે મેળવી આપવા ખૂબ જહેમત ઉઠાવી. સરવાળે આ જીર્ણોધ્ધારનું બજેટ ઘણું ઘટાડી શકાયું.

હાલને તબક્કે ટાઈલ્સ લગાડ્યા બાદ રંગકામ થયા બાદ મકાન ઘણું મોકળાશભર્યું અને હવાઉજાશવાળું લાગે છે. સૌ એક અવાજે સંમત થાય છે કે આ કામનું આયોજન ઘણું સુંદર થયું છે જેનો યશ શ્રી કમલભાઈ અને શ્રીમતી હંસાબહેનને જાય છે.

પૂરેપૂરું મરામત કાર્ય શ્રી વિજયભાઈ કણીયાએ આયોજન કરીને યોગ્ય દેખભાળ - વ્યવસ્થાપનથી સુપેરે પાર પાડ્યું જેમાં નાની-મોટી અનેક વિવિધ જરૂરિયાતો સ્થાનિક ટ્રસ્ટીશ્રી નલીનભાઈ શાહે પુરી પાડી.

૧૫મી મે સુધી કામ પૂરું થવાની અપેક્ષા છે. પૂર્ણતઃ ૧૭,૦૦૦ ચો. ફુટ જગ્યા હોસ્પિટલની કામગીરી માટે મળશે.

આમ બધું મળીને ૪૦ પથારીની આંખની હોસ્પિટલ થશે. જેમાં ભોંયતળીયે બે ઓપ્થેલ્મોલોજીસ્ટ (આંખના ડોક્ટર) એકસાથે ઓપીડી ચલાવી શકશે. તેમજ આંખના નંબર કાઢવા માટે બે રીફ્રેકશનીસ્ટ બેસી શકશે. આ ઉપરાંત આંખના જુદા જુદા રોગોના નિદાન માટે સ્પેશીયલ ક્લીનીક - જેમ કે 'રેટીના', ગ્લોકોમા, કોર્નીયા, ઓક્યુલોપ્લાસ્ટી, લો-વિઝનના પ્રશ્નો વિગેરે માટેની વ્યવસ્થા પહેલા માળે કરવામાં આવી છે. જ્યારે બાળકોની આંખને લગતી સારવાર માટે ભોંયતળિયે વ્યવસ્થા ગોઠવી છે.

આ ઉપરાંત ભોંયતળિયે, ઈન્ડોર પેશન્ટસ માટે ૧૮ પથારી ધરાવતા બે અલગ વોર્ડ - (૧) સ્ત્રીઓ માટે (૨) પુરૂષો માટે રાખવામાં આવ્યા છે. જ્યારે ચેપી દર્દીઓ માટેનો વોર્ડ, સેમી સ્પેશ્યલ રૂમ તથા સ્પેશ્યલ રૂમ પહેલે માળે છે.

હોસ્પિટલના પ્રવેશ દ્વારની તદ્દન સામેના છેડે ઓપરેશન થિયેટર રાખવામાં આવ્યું છે. ચેપની સંભાવના નહિવત્ રહે તે રીતે ઓપરેશન થિયેટરની રચના કરવા માટે ખૂબ જ કાળજી રાખવામાં આવી છે. ત્રણ ઓપરેશન થિયેટર પૈકી બે ઓપરેશન થિયેટરમાં મોતિયાના ઓપરેશન અને ત્રીજા ઓપરેશન થિયેટરમાં ચેપવાળા દર્દીના ઓપરેશન થઈ શકે તેવું આયોજન કર્યું છે. આમ એકસાથે ત્રણ સર્જન ઓપરેશન કરી શકશે.

પહેલા માળે દર્દીના સગાસંબંધીઓ માટે ડોરમેટરી ટાઈપ મહિલાઓ તેમજ પુરૂષો માટે અલાયદી વ્યવસ્થા છે. તદુપરાંત રસોડું અને ભોજનશાળાની વ્યવસ્થા પણ પહેલા માળે છે. વહીવટી કાર્ય માટે તેમજ પ્રમુખની ઓફિસ, કોન્ફરન્સ રૂમ, કલાર્કની રૂમ તેમજ લાયબ્રેરી પહેલા માળે છે. ચશ્મા અને દવા વિતરણ વ્યવસ્થા ભોંયતળિયે છે.

હોસ્પિટલના કામ માટે સુરતથી વારંવાર માંડવી આવવાનું થતું અને તે દરમ્યાન ટ્રસ્ટીશ્રી નલિનભાઈ તથા તેમના ધર્મપત્ની શ્રીમતી દિપીકાબેને હંમેશા ખૂબ જ સારી રીતે બધાની સરભરા કરી.

**ટેકનીકલ એડવાઈઝરી કમિટી અને કારોબારી કમિટી** (તકનીકી સલાહકાર સમિતિ તેમજ કારોબાઈ સમિતિ) :-

ટ્રસ્ટીઓએ ટ્રસ્ટની કામગીરીના આયોજન અને અમલ માટે એક કારોબારી સમિતિ તેમજ ટેકનીકલ સલાહકા સમિતિ રચવાનું વિચાર્યું.

(ટેકનીકલ) સલાહકાર સમિતિમાં સૌ સરખા વિચારવાળા અને અમને જુદી જુદી રીતે મદદરૂપ થવા તત્પ એવા ઓપ્થેલ્મોલોજીસ્ટસને લીધા. તેમનો વર્ષોનો અનુભવ અમને નિર્વિઘ્ન કાર્ય પાર પાડવામાં ઉપયોગી નિવડશે. સભ્યોની યાદી નીચે મુજબ છે.

ટેકનીકલ એડવાઈઝરી કમીટી સભ્યો

| અ.નં. | કમીટી સભ્યનું નામ | સ્થળ | કામનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | ડૉ. માધવીબેન શેઠ | વડોદરા | રેટીના |
| ૨ | ડૉ. અમીષભાઈ પટેલ | અમદાવાદ | રેટીના |
| ૩ | ડૉ. બકુલભાઈ ત્રિવેદી | અમદાવાદ | ઓક્યુલોપ્લાસ્ટી |
| ૪ | ડૉ. સચીન મુંગલે | વડોદરા | ગ્લોકોમા |
| ૫ | ડૉ. મીતા મુંગલે | વડોદરા | કોર્નિયા |
| ૬ | ડૉ. બીજલબેન મહેતા | મુંબઈ | કોર્નિયા અને ફેકો ટ્રેનર |
| ૭ | ડૉ. વૈશાલી સીંગ | અમદાવાદ | ગ્લોકોમા |
| ૮ | ડૉ. કામીનીબેન ઔદિચ | અમદાવાદ | સ્ક્વીન્ટ (ત્રાંસી આંખ) |
| ૯ | ડૉ. મેહુલ શાહ | દાહોદ | રેટીના |
| ૧૦ | ડૉ. શ્રેયા શાહ | દાહોદ | જનરલ ઓપ્થેલ્મોલોજી |
| ૧૧ | ડૉ. નિલેશ નાયક | બારડોલી | જનરલ ઓપ્થેલ્મોલોજી |
| ૧૨ | ડૉ. જગદીપ જોશીપુરા | સુરત | જનરલ ઓપ્થેલ્મોલોજી |
| ૧૩ | ડૉ. નીરવ શાહ | સુરત | જનરલ ઓપ્થેલ્મોલોજી |
| ૧૪ | ડૉ. પરીન શાહ | સુરત | જનરલ ઓપ્થેલ્મોલોજી |
| ૧૫ | ડૉ. કેતન દિવાન | મુંબઈ | જનરલ ઓપ્થેલ્મોલોજી |
| ૧૬ | ડૉ. રાજેશ પટેલ | ભરૂચ | જનરલ ઓપ્થેલ્મોલોજી |
| ૧૭ | ડૉ. રોહન ચરીવાલા | માંડવી | કોમ્યુનીટી ઓપ્થેલ્મોલોજી અને લો-વિઝન |
| ૧૮ | ડૉ. ઉદય ગજીવાલા | માંડવી | જનરલ ઓપ્થેલ્મોલોજી |

તે જ રીતે સેવાભાવી વિચારસરણીવાળા મિત્રોનો કારોબારી કમિટીમાં સમાવેશ કર્યો. તેઓ પોતાના કાર્ય દ્વારા અથવા પરિચિત સ્ત્રોત દ્વારા આપણા કાર્યને મદદરૂપ નીવડશે.

કારોબારી કમિટીના સભ્યો નીચે મુજબ છે :-

| અ.નં. | કારોબારી સભ્યનું નામ | સ્થળ | કામનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | શ્રી કમલ પારેખ | સુરત | સ્ટ્રક્ચરલ એન્જિનીયર |
| ૨ | શ્રી ભરત રંગરેજ | સુરત | ઈલેક્ટ્રોનીક્સ એન્જિનીયર |
| ૩ | શ્રી કાર્તિક પરોણીગર | સુરત | એકાઉન્ટન્ટ |
| ૪ | શ્રી મયંક દલાલ | સુરત | મેકેનીકલ એન્જિનીયર |
| ૫ | શ્રી જયંતિભાઈ શાહ | સુરત | ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ |
| ૬ | શ્રી રામનારાયણ ચાંદક | સુરત | વેપારી |
| ૭ | શ્રી વિનોદભાઈ બાંઠીયા | સુરત | વેપારી |
| ૮ | શ્રી લક્ષ્મીલાલજી બાફના | સુરત | વેપારી |
| ૯ | શ્રી બહાદુરસિંહભાઈ ચૌહાણ | કોસંબા | નિવૃત્ત આચાર્ય |
| ૧૦ | શ્રી સુભાષભાઈ શાહ | મુંબઈ | વકીલ |
| ૧૧ | શ્રી દિલીપ પટેલ | ઝઘડિયા | કેમ્પ ઓર્ગેનાઈઝર |
| ૧૨ | શ્રી વિક્રમસિંહ વાંસદીયા | ઝઘડિયા | અંધજન પુનઃવસન કાર્યક્રમ |
| ૧૩ | શ્રી અશોકભાઈ શાહ | માંડવી | સ્ટેમ્પ વેન્ડર |
| ૧૪ | શ્રી નવીનભાઈ શાહ | માંડવી | વેપારી |
| ૧૫ | શ્રી નીમેષભાઈ શાહ | માંડવી | વેપારી |
| ૧૬ | શ્રી વિજયભાઈ શાહ | માંડવી | વેપારી |
| ૧૭ | ડૉ. જયેશભાઈ મરચન્ટ | માંડવી | ગાયનેકોલોજીસ્ટ |
| ૧૮ | શ્રી અજેન્દ્ર સુણવા | ઝઘડિયા | સુપરવાઈઝર |
| ૧૯ | શ્રી નિખીલ જે. મહેતા | માંડવી | ફાર્માસીસ્ટ |
| ૨૦ | શ્રી નલીનભાઈ ડી. શાહ | માંડવી | ખેતી - સમાજસેવા |
| ૨૧ | શ્રી ભરતભાઈ શાહ | માંડવી | ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ |
| ૨૨ | શ્રીમતી માધવીબેન ગજીવાલા | માંડવી | ઈલેક્ટ્રીકલ એન્જિનીયર |
| ૨૩ | ડૉ. ઉદય ગજીવાલા | માંડવી | ઓપ્થલ્મોલોજીસ્ટ |

આ બન્ને કમિટીના સભ્યો તેમજ ટ્રસ્ટીઓની પ્રથમ બેઠક, સંયુક્ત રીતે માંડવીના લસ્ટર ડાયમંડ કાું. ના મકાનમાં તા.૧૨-૧૨-૨૦૧૦ ના રોજ યોજવામાં આવી જે ખૂબ જ પ્રોત્સાહક રહી. એક-બે અપવાદ બાદ કરતા આ મિટીંગમાં બધા જ સભ્યો પૂર્ણ સમય માટે હાજર રહ્યા અને સૌએ જ્યારે પણ જરૂર હોય ત્યારે મદદરૂપ થવા ખાતરી આપી. આ સમિતિના સભ્યોની મુદત ત્રણ વર્ષની રહેશે.

**પ્રવૃત્તિ :-**

નજીકના ભવિષ્યમાં જે કામ કરવા જઈ રહ્યા છીએ તેની માહિતી આસપાસના વિસ્તારમાં મળી રહે તે હેતુથી દર મહિનાના પહેલા રવિવારે આંખના નિદાન કેમ્પ નિયમિત રીતે યોજાઈ રહ્યા છે. આ કાર્ય માટે સેવા રૂરલ, ઝઘડિયાની ખૂબ સુંદર સહાય મળી રહે છે. કેમ્પમાં તપાસ દરમિયાન ઓપરેશનની જરૂરિયાતવાળા દર્દીને ઝઘડિયા સેવા રૂરલ અથવા ઝંખવાવ સી.એચ.સી. ના દવાખાનામાં લઈ જઈને સેવા રૂરલના આંખના સર્જન દ્વારા ઓપરેશન કરાવી આપવામાં આવે છે. આ કેમ્પનો પ્રચાર સ્થાનિક કક્ષાએ જ કરવામાં આવે છે, જેને ખૂબ સારો પ્રતિસાદ સાંપડી રહ્યો છે. ફેબ્રુઆરી ૨૦૧૦ થી માર્ચ ૨૦૧૧ દરમિયાન કુલ૧૦૦૦ દર્દીઓની આંખની તપાસ કરવામાં આવી છે. જે પૈકી ૧૦૦ ઓપરેશનો કરવામાં આવ્યા છે. આ ઓપરેશનો સેવા રૂરલ હોસ્પિટલ દ્વારા વિનામૂલ્યે કરવામાં આવે છે. આ સાથે જોડેલા ટેબલમાં કેમ્પની આંકડાકીય માહિતી આપી છે.

દરમિયાન ડૉ. રોહન ચરીવાલા (ઓપ્થેલ્મોલોજીસ્ટ) એ આપણી સાથે જોડાવાનું નક્કી કર્યું. સ્થાપક ટ્રસ્ટી ડૉ. ઉદય ગજીવાલા કમ્યુનિટી ઓપ્થેલ્મોલોજીમાં વધુ અભ્યાસ કરવા માટે એક વર્ષનો **M.Sc.** નો કોર્ષ કરવા ''ઈન્ટર નેશનલ સેન્ટર ફોર આઈ હેલ્થ'' લંડન જવા ઈચ્છતા હતા. પરંતુ એક યા બીજા કારણસર ન જઈ શકાયું તેથી ડૉ. રોહનભાઈને તે કોર્ષ કરવા જણાવ્યું અને તેમણે તરત જ સંમતિ આપી. આમ ડૉ. ઉદયભાઈના પ્રયત્ન અને ડૉ. જી.વી.એસ. મૂર્તિની સહાયથી ડૉ. રોહનભાઈ માટે ૧૦૦% સ્કોલરશીપ મેળવી શક્યા. તેમની પુરેપુરી કોર્ષ ફી 'ડીએફઆઈડી' (ડીપાર્ટમેન્ટ ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ) દ્વારા સ્પોન્સર થઈ અને યુનિવર્સિટીના કેમ્પસમાં જ રહેવાની સુવિધા મળી શકી. આમ જોવા જઈએ તો લગભગ ૩૧,૦૦૦ યુરો (આશરે રૂા.૨૦ લાખ) જેવો ખર્ચ આ માટે થાય. જે આપણને સ્કોલરશીપ મળવાથી બચી શક્યો. આ તાલીમ સપ્ટેમ્બર ૨૦૧૦ થી શરૂ થઈ અને સપ્ટેમ્બર ૨૦૧૧ માં પુરી થશે. ડૉ. રોહનભાઈ આ તાલીમ પૂરી કરીને માંડવીમાં જોડાશે અને ઓછામાં ઓછા પાંચ વર્ષ સંસ્થામાં કામ કરશે. આ ઉપરાંત **ICEH** ના નેજા હેઠળ 'ગ્લોકોમા'નો આંતરરાષ્ટ્રીય અભ્યાસ કોઓર્ડિનેટ કરશે. તેઓ જુલાઈ ૨૦૧૧ માં એક માસ માટે ભારત આવશે અને અંધત્વ નિવારણના કામ માટે એક ત્વરિત સર્વે અને મૂલ્યાંકનનું કામ કરશે જેના આધારે તેમનો થીસીસ તૈયાર થશે. બાદમાં તેઓ ઓક્ટોમ્બર ૨૦૧૧ થી તેઓ દિવ્યજ્યોતિ ટ્રસ્ટ, માંડવીમાં કામ શરૂ કરશે.

ઓપ્થેલ્મીક આસીસ્ટન્ટ તરીકે માંડવીની નજીકના ગામના બે યુવાનોને પસંદ કરીને તેમને ૬ માસની તાલીમ અપાવવા; સેવા રૂરલ ઝઘડિયામાં આયોજન કર્યું છે. જે નવેમ્બર ૨૦૧૦ થી શરૂ થઈ ગઈ છે અને ૧૫ મે ૨૦૧૧ ના રોજ પૂર્ણ થઈ જશે. આ તાલીમ કે જેની ફી રૂા.૨૫,૦૦૦/- છે તે સેવા રૂરલમાં વિનામૂલ્યે થઈ રહી છે અને રહેવા જમવાનો સામાન્ય ખર્ચ આપવાનો રહેશે. આ ખૂબ મોટી મદદ છે જેનો અંતઃકરણપૂર્વક સ્વીકાર.

તે જ રીતે, બે નર્સ બહેનોની પસંદગી થઈ ગઈ છે અને તેમની ઓપ્થેલ્મીક નર્સ તરીકેની બે માસની ઘનિષ્ઠ તાલીમ સેવા રૂરલ, ઝઘડિયામાં થઈ રહી છે.

ફાર્માસીસ્ટ તરીકે, કામ કરનાર શ્રી નિખિલભાઈ મહેતા, હોસ્પિટલ એડમીનીસ્ટ્રેટર તરીકે જોડાઈ રહ્યા છે. તેમને સેવા રૂરલ, ઝઘડિયા અને રણાસણમાં અંજલિ સંસ્થામાં કામ કરવાનો લગભગ ૨૦ વર્ષનો અનુભવ છે અને આ વર્ષો દરમિયાન સ્ટોર મેનેજમેન્ટ, પરચેઝ તેમજ કેટલેક અંશે હોસ્પિટલ એડમીનીસ્ટ્રેશનનું કામ કર્યું છે. એમને અરવિંદ આઈ હોસ્પિટલ - મદુરાઈ માં ૬ અઠવાડિયા (દોઢ માસ) ની હોસ્પિટલ એડમીનીસ્ટ્રેશનની ઘનિષ્ઠ તાલીમ માટે મોકલવામાં આવ્યા છે. આ તાલીમ ૧૨ એપ્રિલ '૧૧ થી ૨૦ મે '૧૧ સુધી છે તેમના પત્ની લેબોરેટરી ટેક્નીશ્યન છે અને લેબોરેટરીમાં કામ કરશે.

## ગંગાબહેનને દૃષ્ટિ પાછી મળી

માંડવી તાલુકાના અમલસાડી ગામના ૫૦ વર્ષીય ગંગાબહેન પટેલ, છેલ્લા ૩-૪ મહિનાથી ઝાંખુ દેખાવાની તકલીફથી પીડાતા હતા. એમના પતિ કીમના કારખાનામાં રોજમદાર મજૂર તરીકે કામ કરતા હતા. પરંતુ થોડા સમય પહેલાં એમના પગ ઉપર લોખંડનો પાઈપ પડવાથી, હાલ તેઓ ચાલી શકતા નથી. તેથી તેમની કમાણી અટકી ગઈ છે. કુટુંબમાં નવ સભ્યો છે; જેમાં એક દીકરો અપંગ છે અને તેની પત્ની બહેરી તથા મુંગી છે. બીજા દીકરાને ત્યાં એક બાળક છે, દીકરી ભરયુવાનીમાં વિધવા થવાથી માતા-પિતાની સાથે રહે છે. ઘરના સભ્યોની કુલ કમાણી ઘર ચલાવવા માટે અપૂરતી છે. આમ, તેઓ ગરીબીમાં જીવન વિતાવી રહ્યાં છે.

ગંગાબહેનને માંડવીમાં યોજાનાર નેત્રયજ્ઞની માહિતી, ગામમાં પત્રિકા વહેંચાઈ તેના દ્વારા મળી. તા.૧૩-૨-૧૧ ના રોજ તેઓ દિવ્યજ્યોતિ ટ્રસ્ટના નિદાન કેમ્પમાં આંખોની તપાસ માટે આવ્યા. જ્યાં આંખના સર્જને તેમને જણાવ્યું કે તેમને બન્ને આંખમાં મોતિયો છે, અને ઓપરેશન જરૂરી છે. ઓપરેશન માટે ઝઘડીયા સુધી જવા તેમની તૈયારી ન હોવાથી નજીકમાં ઝંખવાવ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે પણ સેવા રૂરલના સર્જન દ્વારા આ ઓપરેશન થઈ શકશે એવી એમને માહિતી આપવામાં આવી. આ વાત માનીને તેમણે એક આંખનું ઓપરેશન ઝંખવાવમાં કરાવી લીધું.

આ દરમિયાન તેમનો અપંગ દીકરો તેમની સાથે રહ્યો. ઓપરેશન થયેલી આંખે હવે તેઓ બધું જ સ્પષ્ટ જોઈ શકે છે, તેથી તેઓ ખૂબ જ ખુશ છે. એકપણ રૂપિયાનો ખર્ચ કર્યા વગર આ કામ શક્યુ બન્યું એ માટે તેઓ સંસ્થાનો આભાર માને છે. ટૂંક સમયમાં જ તેઓ પોતાની બીજી આંખનું ઓપરેશન કરાવવા માટે પણ ઝંખવાવ જવાના છે.

આમ એક ગરીબ દર્દીની આંખોની દૃષ્ટિ બચી ગઈ. તેઓ ફરીથી ઘરના એક કમાઉ સભ્ય બન્યા. અને ઘરના રોજબરોજના કામો પણ કરતા થઈ ગયા.

## સુભાષની દૃષ્ટિ બચાવી

માંડવી નગરના સુથાર ફળિયામાં રહેતા ૨૭ વર્ષીય સુભાષભાઈ પ્રજાપતિ પરિણીત છે અને બે બાળકોના પિતા છે. ઘરમાં કુલ ૬ સભ્યો છે. એમણે કોમ્પ્યુટર ઓપરેટરનો કોર્ષ કરેલ છે. એમના પિતા સિલાઈ કામ કરે છે.

છ મહિનાથી પણ વધારે સમયથી એમને ઝાંખુ દેખાતું હતું. એમણે આ માટે આંખના સર્જન સહિત કેટલાક ડોક્ટરોને બતાવ્યું હતું એમને મગજમાં પિચ્યુટરી ગ્રંથિની ગાંઠ હોવાનું નિદાન થયું હતું. પૈસાના અભાવે તેઓ ઓપરેશન કરાવી શક્યા ન હતા. સંસ્થાએ તેમને સિવિલ હોસ્પિટલ સુરત ખાતે 'છાંયડો' સંચાલિત એમ.આર.આઈ. સેન્ટરમાં રાહત દરે તપાસ કરાવડાવી આપી. એકવાર નિદાન અંગે ખાતરી થયા બાદ સંસ્થાએ તેમને સુરતના ફીઝીશયન ડૉ. ચંદ્રકાંતભાઈ વોરા મારફત ન્યુરોસર્જન ડૉ. કે.સી. જૈન પાસે રાહત દરે આ ઓપરેશન કરવા માટે જરૂરી સગવડ કરી આપી.

જરૂરી આર્થિક સહાય શ્રી નીમેષભાઈ શાહે માંડવીના નગરજનોની મદદથી ઉભી કરી. ઓપરેશન બાદ હવે સુભાષભાઈ પોતાનું બધું જ રોજીંદુ કામ કોઈપણ તકલીફ વગર કરી શકે છે. એમની બચેલી દૃષ્ટિને હવે કોઈ ખતરો રહ્યો નથી. જેટલી દૃષ્ટિ હતી તે બચાવી શક્યા. તેથી હવે સુભાષભાઈ કોમ્પ્યુટર ઓપરેટર તરીકેનું પોતાનું કામ સરળતાથી કરી શકે છે.

| વિગત | ૧૧-૨-૧૦ | ૪-૪-૧૦ | ૨-૫-૧૦ | ૬-૬-૧૦ | ૪-૭-૧૦ | ૧-૮-૧૦ | ૫-૯-૧૦ | ૩-૧૦-૧૦ | ૧૪-૧૧-૧૦ | ૫-૧૨-૧૦ | ૨-૧-૧૧ | ૧૩-૨-૧૧ | ૬-૩-૧૧ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કુલ દર્દી તપાસ | ૪૦૩ | ૧૬૦ | ૫૭ | ૪૮ | ૮૩ | ૮૩ | ૧૩૨ | ૭૦ | ૪૬ | ૪૬ | ૧૧૮ | ૭૦ | ૮૬ | ૧૪૦૨ |
| ઓપરેશનની સલાહ આપી | ૫૮ | ૨૮ | ૧૮ | ૧૭ | ૩૪ | ૨૩ | ૪૪ | ૧૧ | ૨૫ | ૧૦ | ૨૭ | ૨૦ | ૧૭ | ૩૩૨ |
| ઓપરેશન માટે ઝઘડિયા ગયા | ૧૬ | ૦૧ | ૧૦ | ૦૪ | ૧૫ | ૦૭ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૨ | ૧ | ૦૧ | ૫૭ |
| થયેલ ઓપરેશન | ૨૨ | ૦૨ | ૧૦ | ૦૬ | ૧૬ | ૧૨ | ૮ | ૨ | ૭ | ૨ | ૭ | ૩ | ૦૦ | ૯૭ |
| ઝંખવાવ સી.એચ.સી. ખાતે | ૦૪ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૯ | ૦૮ | ૦૨ | ૪ | ૨ | ૦૦ | ૫ | ૦૦ | ૩૬ |
| ચશ્મા વિતરણ | ૨૧૧ | ૫૨ | ૧૯ | ૧૫ | ૨૪ | ૨૬ | ૪૬ | ૨૦ | ૧૦ | ૧૯ | ૩૮ | ૨૦ | ૨૮ | ૫૨૮ |

## મુલાકાતીઓ :-

(૧) ડૉ. ભદ્રાબહેન શાહ (શેર એન્ડ કેર ફાઉન્ડેશન) જાન્યુઆરી ૨૦૧૦ માં મુલાકાત આવ્યા.

(૨) સેવા રૂરલમાંથી શ્રી સુભાષભાઈ શાહ, ડૉ. અનિલભાઈ દેસાઈ, ડૉ. લતાબેન દેસાઈ, ડૉ. ચંદ્રકાન્તભાઈ અને શ્રીમતી સરલાબેન વોરા, ડૉ. અજયભાઈ શાહ, ફેબ્રુઆરી ૨૦૧૧ માં આવ્યા.

(૩) શ્રી અરૂણભાઈ ઝવેરી અને શ્રીમતી આશાબહેન ઝવેરી, ઉર આશા ઝવેરી ફાઉન્ડેશન - મુંબઈ.

(૪) તેરાપંથ સમાજ - માહેશ્વરી સમાજ સુરતના સભ્યો - શુભેચ્છકો.

(૫) શ્રી નારણભાઈ પટેલ (યુ.એસ.એ.), અગાશી માતા ચેરીટેબલ ટ્રસ્ટનું ટ્રસ્ટી મંડળ - બારડોલી.

(૬) શ્રી બિહારીભાઈ - ઉર્મિબેન - મુંબઈ.

(૭) પૂજ્ય ગુરુજી - ઓખા આશ્રમ, હજીરા રોડ, સુરત.

## સમાજમાંથી સહાય :-

આ કાર્યમાં અમને દાતાઓ અને શુભેચ્છકોનો સંપૂર્ણ સહકાર મળ્યો. સમાજના દરેક સ્તરેથી દાનની અવિરત વહેતી સરવાણીએ અમારો ઉત્સાહ વધાર્યો અને મકાનના મરામત અને પહેલા માળના બાંધકામનું કામ સમયસર થઈ શક્યું.

મદદની (સહાયની) સરવાણી જુદી જુદી રીતે પ્રાપ્ત થઈ. કેટલાક સહૃદયી મિત્રોએ બાંધકામના કામ માટે સાધનસામગ્રી મફત પૂરી પાડી તો કેટલાકે તે માટેના મજૂરી કામ વિનામૂલ્યે કર્યા. વળી કેટલાક મિત્રોએ દાન મેળવી આપવામાં, તો કેટલાકે પોતાના ટેકનીકલ કૌશલ્યથી માર્ગદર્શન કર્યું. આવા કેટલાક મિત્રોની યાદી નીચે મુજબ છે :-

| અ.નં. | નામ | કંપની | મદદનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | શ્રી જયંતિભાઈ એમ. શાહ (માસ્તર) | લસ્ટર ડાયમંડ કં઼ું. | જેમના મકાનમાં હોસ્પિટલ શરૂ થઈ રહી છે. |
| ૨ | શ્રી કમલભાઈ અને હંસાબહેન પારેખ | સર્જન ટેક્નોક્રેટ્સ | સ્ટ્રક્ચરલ એન્જીનીયર - દરેક કાર્ય માટે નકશા તૈયાર કર્યા અને સમયાંતરે હોસ્પિટલ નવિનીકરણ કાર્યનું નિરીક્ષણ |
| ૩ | -- | ત્રિમૂર્તિ એસોસીએટ્સ | નવિનીકરણના કાર્યમાં મજૂરી કાર્ય વિનામૂલ્યે |

| અ.નં. | નામ | કંપની | મદદનો પ્રકાર |
|---|---|---|---|
| ૪ | શ્રી બિહારીભાઈ અને શ્રીમતી ઊર્મિબહેન શાહ | -- | હોસ્પિટલના ખાટલા અને મોતિયાના ઓપરેશન માટે ફંડ એકઠું કર્યું |
| ૫ | શ્રી રોહનભાઈ ચુડાવાળા | એડવોકેટ | ચેરીટી કમિશનરની કચેરીમાં કરવાની કાયદાકીય કાર્યવાહીમાં વિનામૂલ્યે માર્ગદર્શન |
| ૬ | સચ કન્સલ્ટન્સી | ઈલેક્ટ્રીકલ કન્સલ્ટન્ટ | ઈલેક્ટ્રીકલ કામ માટે નકશા |
| ૭ | શ્રી મનીષભાઈ મકવાણા | -- | પહેલા માળે ગેલ્વેનીયમના છાપરા ફીટ કરવાનું મજૂરી કાર્ય વિનામૂલ્યે |
| ૮ | -- | પુનમવાડી મેનેજમેન્ટ | મકાનના મરામત કાર્ય દરમિયાન દર મહિને આંખના કેમ્પ માટે જગ્યા ફાળવી |
| ૯ | બી.બી.એ./બી.સી.એ. | કોલેજ મેનેજમેન્ટ-માંડવી | રીનોવેશન કામ માટે આવનાર ટેક્નીકલ વ્યક્તિઓને રહેવાની સુવિધા |
| ૧૦ | શ્રી વિજયભાઈ શાહ | શ્રીજી સ્ટીલ કોર્પોરેશન | પહેલા માળ માટે ટ્રસ બનાવવા જરૂરી લોખંડ વિનામૂલ્યે |
| ૧૧ | શ્રી વિપુલભાઈ શાહ અને અરવિંદભાઈ | -- | દર મહિને આઈ કેમ્પમાં સ્વયંસેવક |
| ૧૨ | શ્રી રાજેશભાઈ મિસ્ત્રી | સીલ વોલ ડેકોરા | ભોંયતળિયે પરસાળમાં ફોલ્સ સીલીંગ માટે કાર્ય કર્યું |
| ૧૩ | શ્રી વિશાલભાઈ | કળશ ટ્રેડીંગ કું. | હાર્ડવેર મટીરીયલ્સ |
| ૧૪ | શ્રી મગનભાઈ પટેલ | શિવશક્તિ સો મીલ | સાલનું લાકડું |
| ૧૪ | -- | જે.ટી. કોર્પોરેશન | સીન્ટેક્ષની ટાંકી : નંગ-૨ |

અન્ય કેટલાક સપ્લાયર્સ પૈકી તિરૂપતી ટ્રેડર્સ, સાંઈ ટ્રેડર્સ, શિપ્રા કેમીકલ્સ, નિયો લેમીનેટ્સ, શ્રી ગૌરાંગ શાહ, શ્રી અનિલભાઈ ભાવસાર, શ્રી સંજયભાઈ વગેરેએ આર્થિક ફાળો પણ આપ્યો છે.

કારોબારી સભ્યો શ્રી મયંકભાઈ દલાલ - એરકંડીશનર તથા ઈલેક્ટ્રીક ટ્રાન્સફોર્મર વિ. ખરીદીમાં, શ્રી ભરતભાઈ રંગરેજ - કોમ્પ્યુટર તથા ક્લોઝ સર્કીટ ટીવી કેમેરા વિ.ની વ્યવસ્થામાં, તથા શ્રી કાર્તિક પરોણીગર હિસાબ કિતાબમાં મદદરૂપ થઈ રહ્યા છે. આવા જ બીજા ઘણા સહૃદયી મિત્રો - શુભેચ્છકો આગામી વર્ષમાં પણ મદદરૂપ થનાર છે. આ સિવાય પણ શરતચૂકથી કોઈ નામ રહી ગયું હોય તો તે માટે ક્ષમા યાચી તેમનો પણ હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

## અગત્યની તારીખો :-

| | | |
|---|---|---|
| ૧ | સૂચિત ટ્રસ્ટ માટે પ્રથમ બિનઔપચારિક મીટીંગ | ૧૫-૬-૨૦૦૯ |
| ૨ | ટ્રસ્ટીઓની નિમણૂંક, કાર્યકર્તાની નિમણૂંક અને ટ્રસ્ટ નોંધણી માટેની પ્રક્રિયા | ૧૨-૭-૨૦૦૯ |
| ૩ | માંડવીના સ્થાનિક અગ્રણીઓ અને ટ્રસ્ટીઓની મિટીંગ | ૮-૧૧-૨૦૦૯ |
| ૪ | ટ્રસ્ટની નોંધણી | ૧૯-૧-૨૦૧૦ |
| ૫ | સેવા રૂરલની મદદથી માંડવીમાં પ્રથમ નિદાન કેમ્પ | ૧૧-૨-૨૦૧૦ |
| ૬ | ૧૨-અ અને ૮૦(જી) ની નોંધણી | ૨૯-૩-૨૦૧૦ |
| ૭ | પત્રિકા અને અન્ય સ્ટેશનરી છપાવી | ૧૦-૪-૨૦૧૦ |
| ૮ | વેબસાઈટ સ્થાપના | ૧૦-૫-૨૦૧૦ |
| ૯ | ડૉ. રોહન ચરીવાળા ઓપ્થેલ્મોલોજીસ્ટ તરીકે જોડાયા | ૧-૯-૨૦૧૦ |

| | | |
|---|---|---|
| ૧૦ | લસ્ટર ડાયમંડનું મકાન મેળવ્યું | ૧-૯-૨૦૧૦ |
| ૧૧ | મકાનમાં નવીનીકરણનું કાર્ય શરૂ કર્યું | ૧૦-૯-૨૦૧૦ |
| ૧૨ | લંડનની સંસ્થા ‘‘ઈન્ટરનેશનલ સેન્ટર ફોર આઈ હેલ્થ’’માં ચાલતા ‘‘કોમ્યુનીટી ઓપ્થલ્મોલોજી’’ માં એમ.એસ.સી.નો કોર્ષ કરવા લંડન જતા ડૉ. રોહન ચરીવાળાનો શુભેચ્છા સમારંભ | ૧૩-૯-૨૦૧૦ |
| ૧૩ | ટેકનીકલ એડવાઈઝરી કમિટી અને એકઝીક્યુટીવ કમિટીની રચના | ૧૩-૯-૨૦૧૦ |
| ૧૪ | પરદેશથી આવતા ફંડ મેળવવા માટે પૂર્વ મંજૂરી મેળવવાની અરજી આપી | ૩૦-૧૦-૨૦૧૦ |
| ૧૫ | નવા જોડાયેલા ઓપ્થેલ્મીક આસ્ટીટન્ટની તાલીમ લેવા સેવા રૂરલમાં મોકલ્યા | ૧૫-૧૧-૨૦૧૦ |
| ૧૬ | ટેકનીકલ એવાઈઝરી કમિટી અને કારોબારી કમિટીની પહેલી મિટીંગ | ૧૨-૧૨-૨૦૧૦ |
| ૧૭ | ડૉ. હેતલ સોલંકીએ ઓપ્થેલ્મોલોજીસ્ટ તરીકે જોડાવાની અરજી કરી | ૨૦-૨-૨૦૧૧ |
| ૧૮ | સેવા રૂરલમાં ચશ્મા ફીટીંગની તાલીમ લેવાની શરૂઆત | ૧-૩-૨૦૧૧ |
| ૧૯ | નવા પસંદ કરેલા નર્સ બહેનોની સેવા રૂરલમાં તાલીમ | ૧૫-૩-૨૦૧૧ |
| ૨૦ | ડૉ. હેતલ સોલંકી - અરવિંદ આંખની હોસ્પિટલમાં કીકી બદલવાના ઓપરેશન શીખવા લાંબા ગાળાની ફેલોશીપ માટે અરજી આપી | ૧૯-૩-૨૦૧૧ |

## ભવિષ્યની (નવા વર્ષની) પ્રવૃત્તિઓનું આયોજન :-

(૧) મે’૧૧ સુધીમાં મકાનનું મરામત કાર્ય પૂર્ણ કરવું.

(૨) ૨૨ મે’૧૧ હોસ્પિટલનું વિધિવત ઉદ્‌ઘાટન ઓફિસ ફર્નીચર, હોસ્પિટલ ફર્નીચર અને સર્જરી માટેના મશીનો - સાધનોની ખરીદી તે પહેલા કરવાનું આયોજન.

(૩) માનનીય ડૉ. નાગપાલ સાહેબ, ઉદ્‌ઘાટનને દિવસે અતિથિ વિશેષ તરીકે પધારવા સંમત થયા છે અને તે જ દિવસે ડાયાબીટીસ ધરાવતા દર્દીઓના પડદાની તપાસ તથા લેસર દ્વારા સારવાર કરશે. આ માટે દર્દીઓ અગાઉથી શોધી તૈયાર રાખીશું.

(૪) સ્થાપક ટ્રસ્ટીશ્રી ભરતભાઈ શાહના જન્મદિન તા.૨૩-૫-૨૦૧૧ ના રોજ મેગા આઈ કેમ્પનું આયોજન કર્યું છે. આ કેમ્પમાંથી ઓપરેશનની જરૂરિયાતવાળા દર્દીઓનું ઓપરેશન ત્યાર પછીના દિવસોમાં તબક્કાવાર કરવાનું આયોજન કરવામાં આવશે.

(૫) જૂનના અંત ભાગે ડૉ. રોહનભાઈ તેમના થીસીસના કામ માટે લંડનથી આવશે. સુરતના જિલ્લાના સંપૂર્ણ આદિવાસી વિસ્તારને આવરી લઈને ‘‘રેન્ડમ સેમ્પલ’’ વસ્તીમાંથી લેવામાં આવશે. જોકે આ દરમિયાન ચોમાસાના દિવસો હશે પરંતુ થીસીસ માટે આ જ સમયગાળો અપાયેલ હોવાથી આ કાર્ય કરવું જ રહ્યું.

(૬) તા.૨૩-૫-૨૦૧૧ થી દરરોજ આંખની તપાસ અને ઓપરેશનો નિયમિતરૂપે શરૂ કરવામાં આવશે.

(૭) આજુબાજુના વિસ્તારમાં દર અઠવાડિયે બે નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવશે અને આમાંથી ઓપરેશનની જરૂરિયાતવાળા દર્દીઓને માંડવી હોસ્પિટલમાં લાવીને સર્જરી કરવામાં આવશે.

(૮) સુરત, વડોદરા, અમદાવાદ અને મુંબઈના તજજ્ઞ ડોક્ટરો આંખની જુદી જુદી તકલીફ જેમ કે કીકી (કોર્નિયા), ઝામર (ગ્લોકોમા), પડદો, બાળકોની આંખની સારવાર, ત્રાંસી આંખ, ઓક્યુલોપ્લાસ્ટી વિ. ની કલીનીક નિયમિત રીતે ચલાવશે.

(૯) પ્રથમ વર્ષમાં ૩૦૦૦ ઓપરેશન કરવાની ધારણા છે.

# એ છેલ્લો માણસ


હું હજીય એને ત્યાં ને ત્યાં જ જોઉં છું સદીઓથી
પ્રલંબ ક્યૂમાં છેક છેલ્લે ઊભેલો,
એના વારાની ધીરજપૂર્વક રાહ જોતો
આ છેલ્લો માણસ -

બધી ક્યૂમાં આવું જ બન્યુ છે :
જેવો એનો વારો આવે છે કે
ભાગ્યનો પૂરવઠો ખૂટી પડે છે!
તે સાંજે મેં એને ઘરભણી જતી
છેલ્લી બસની ક્યૂમાં ખાલી ઝોલી
ખભે નાખી ઊભેલો જોયો હતો,
નિયમ પ્રમાણે જ છેક છેલ્લે -
જેવી બસ ઊપડી કે કોઈ છેલ્લા ધક્કામાં
ઉપર ચઢી ગયું હતું - જરાક ઢસડાઈને;
મને એમ કે એ જ હશે, એના વિના કોણ ધક્કે ચઢે?
પણ તો, આ સ્ટેન્ડ પર રહી ગયું તે કોણ?
જોયું તો એ જ! એ જ પેલો
છેલ્લો માણસ!

હું એને ઓળખું છું -
મારી પડોશમાં જ ક્યાંક રહે છે એ
હું એનો ચહેરો હવે બરાબર
પારખું છું
આખીય રાત એણે પ્રવેશદ્વારની
બહાર ઊભેઊભે ગાળી છે.
એને એમ કે, કાલે તો હું ક્યૂમાં
પહેલો જ હોઈશ.
પણ મેં સવારે એને જોયો તો
ક્યૂમાં એ... ઊભો છેકે છેલ્લે.
સૌથી પહેલો આવ્યો છે ને તોય એ બધે
મોડો કેવી રીતે પડે છે, એ મારું આશ્ચર્ય છે.

મને ઘણી વાર થાય છે કે
આવ્યો આ હમણાંક તો ક્યૂ તોડતોકને...
પણ એ તો એ ધીરજથી ઊભો
દરેક ક્યૂમાં છેક છેલ્લે...
હા, ક્યૂ અનેક છે - પણ બધી ક્યૂમાં
આ છેલ્લા માણસનો ચહેરો તો
એક જ છે હોલવાયેલા સૂરજ જેવો.
કદાચ તમે ય જોયો હશે.

- ઉશનસ




હું તમને એક મંત્ર આપું છું. જ્યારે તમને તમારા કોઈ પણ પગલાં વિશે સંદેહ હોય અથવા તમારો "અહં" તમારા ઉપર સવાર થતો લાગે તો નીચેની કસોટી અજમાવશો.

તમે જે ગરીબમાં ગરીબ અને અશક્ત માણસને જોયો હોય તેનો ચહેરો યાદ કરો અને તમારા મનને પૂછો કે તમે જે પગલું ભરવા જઈ રહ્યા છે એ આ ગરીબ વ્યક્તિને [illegible] ઉપયોગી થશે. શું એનાથી આ વ્યક્તિને [illegible] ફાયદો થશે? શું એનાથી એ વ્યક્તિ પોતાના [illegible] અથવા ભાગ્ય ઉપર થોડો પણ કાબૂ [illegible] શકશે? એટલે કે આ પગલાથી આપ[illegible]ના કરોડો ભૂખ્યા લોકોના અતૃપ્ત આત્મા[illegible] સ્વરાજ્ય મળે એ દિશામાં કંઈ કામ થવાનું [illegible]

આ કસોટી અજમાવ[illegible] તમે જોઈ શકશો કે તમારા મનની આશંકા[illegible]માધાન થઈ રહ્યું છે અને તમારો "અહં" ઓ[illegible] રહ્યો છે.

– મોહનદાસ કરમચંદ ગાંધી



હું તમને એક મંત્ર આપું છું. જ્યારે તમને તમારા કોઈ પણ પગલાં વિશે સંદેહ હોય અથવા તમારો "અહં" તમારા ઉપર સવાર થતો લાગે તો નીચેની કસોટી અજમાવશો.

તમે જે ગરીબમાં ગરીબ અને અશક્ત માણસને જોયો હોય તેનો ચહેરો યાદ કરો અને તમારા મનને પૂછો કે તમે જે પગલું ભરવા જઈ રહ્યા છે એ આ ગરીબ વ્યક્તિને કેટલું ઉપયોગી થશે. શું એનાથી આ વ્યક્તિને કોઈ ફાયદો થશે? શું એનાથી એ વ્યક્તિ પોતાના જીવન અથવા ભાગ્ય ઉપર થોડો પણ કાબુ મેળવી શકશે? એટલે કે આ પગલાથી આપણા દેશના કરોડો ભૂખ્યા લોકોના અતૃપ્ત આત્માઓને સ્વરાજ્ય મળે એ દિશામાં કંઈ કામ થવાનું છે!

આ કસોટી અજમાવશો તો તમે જોઈ શકશો કે તમારા મનની આશંકાનું સમાધાન થઈ રહ્યું છે અને તમારો "અહં" ઓગળી રહ્યો છે.

*– મોહનદાસ કરમચંદ ગાંધી*